# Greenlawns High School

MUMBAI - 400036

**For the Terminal Examination Year 2026-27**

**Std: VII** **Sub: Gujarati 2 Lang** **Marks: 80**

સૂચના: દરેક પ્રશ્નના ઉત્તર લખવા જરૂરી છે.

પ્રશ્ન 1. નીચે આપેલા વિષય માંથી કોઈ પણ એક વિષય પર નિબંધ લખો. (૧૦)

૧) સમયનું મહત્વ
૨) પર્યાવરણ બચાવવા માટે મારી જવાબદારી
3) શાળા જીવનની યાદો

પ્રશ્ન ૨. નીચે આપેલા પત્ર માં થી કોઈ પણ એક પત્ર લખો. (૮)

૧) મિત્રને પરીક્ષાની સારી તૈયારી કરવા માટે પ્રેરણા આપતો પત્ર લખો.
૨) બીમાર દાદાની સ્વાસ્થ્યની પૂછપરછ કરતો પત્ર લખો.

પ્રશ્ન ૩. નીચે આપેલો ગદ્યખંડ વાંચી તમારા શબ્દોમાં જવાબ લાખો. (૧૦)

એક વાર પાપબુદ્ધિના મનમાં એક વિચાર આવ્યો કે કેમ ન હું, મિત્ર ધર્મબુદ્ધિ સાથે બીજા શહેરમાં જઈને ધન કમાઉં. બંનેએ ખૂબ ધન કમાયું અને પ્રસન્ન મનથી પોતાના ગામ તરફ પાછા વળ્યા. ગામની નજીક પહોંચવા પર પાપબુદ્ધિએ ધર્મબુદ્ધિને કહ્યું કે, "મારા વિચાર મુજબ ગામમાં એકસાથે બધું ધન લઈ જવું યોગ્ય નથી. થોડું ધન આપણે જંગલમાં જ કોઈ સુરક્ષિત જગ્યાએ દાટી દેવું જોઈએ." ધર્મબુદ્ધિએ ફરીથી પાપબુદ્ધિના વિચાર સાથે પોતાની સહમતિ દર્શાવી. બંનેએ કોઈ સુરક્ષિત જગ્યાએ ખાડો ખોદીને પોતાનું ધન દબાવી દીધું તથા ઘર તરફ પ્રસ્થાન કર્યું. પછીથી તક જોઈને એક રાત્રે પાપબુદ્ધિએ ત્યાં ખોદેલા ખાડામાંથી બધું ધન ચૂપચાપ કાઢીને હડપી લીધું. થોડા દિવસો પછી ધર્મબુદ્ધિએ પાપબુદ્ધિને કહ્યું, "ભાઈ, મને થોડા ધનની જરૂરિયાત છે." જ્યારે તેણે ધન કાઢવા માટે ખાડો ખોદ્યો, તો ત્યાં કંઈ પણ ન મળ્યું. પાપબુદ્ધિએ તરત જ રડવા-કરગરવાનો અભિનય કર્યો. તેણે ધર્મબુદ્ધિ પર ધન કાઢી લેવાનો આરોપ લગાવી દીધો. બંને ન્યાયાધીશ પાસે પહોંચ્યા. ન્યાયાધીશની સમક્ષ બંનેએ પોતાનો પક્ષ રજૂ કર્યો. ન્યાયાધીશે સત્યની ખબર લગાવવાનો આદેશ આપ્યો. ગુપ્તચરે જ્યારે ખબર લગાવી તો આ રહસ્ય સાબિત થયું કે ચોરી પાપબુદ્ધિએ જ કરી છે. ન્યાયાધીશે પાપબુદ્ધિને મૃત્યુદંડની સજા આપી અને ધર્મબુદ્ધિને તેના પૂરા પૈસા પાછા અપાવ્યા તેમજ ત્યાં હાજર રહેલા લોકોને કહ્યું કે મનુષ્યનો એ ધર્મ છે કે તે કોઈને છેતરે નહીં.

પ્રશ્નો :

૧) પાપબુદ્ધિના મનમાં શું વિચાર આવ્યો? ત્યારબાદ તેણે શું કર્યું?
૨) ગામની નજીક પહોંચતા જ પાપબુદ્ધિએ ધર્મબુદ્ધિને શું કહ્યું?
3) દાટેલું ધન કોણે અને ક્યારે કાઢ્યું?
૪) જ્યારે ધર્મબુદ્ધિને ધનની જરૂર પડી ત્યારે તેણે શું કર્યું?
૫) ન્યાયાધીશે કોને અને શું સજા આપી તથા હાજર રહેલા લોકોને શું કહ્યું?

પ્રશ્ન ૪. સૂચના પ્રમાણે કરો.

ક. શબ્દ સમૂહ બદલે એક શબ્દ લખો. ( ૩ )

૧) પતિની બહેન તે
૨) જે શક્ય નથી તે
૩) બહેનની દીકરી

ખ. નીચે આપેલા વિરોધી લખો. ( ૪ )

૧) જાહેર
૨) વ્યક્તિગત
૩) સોંઘી
૪) અવિશ્વાસ

ગ. નીચે આપેલા રૂઢિપ્રયોગનો અર્થ લખો. ( ૩ )

૧) ધૂળ કાઢવી
૨) વાતોના વડા કરવા
૩) ધારણા ઊંચી પાડવી

ઘ. નીચે આપેલું વાક્ય કયા કાળનું છે તે લખો. ( ૩ )

૧) ઘણા વિદ્યાર્થી કેલેગ્રાફી શીખતાં હતા.
૨) રમેશ પર્યટન પાર જવાનો છે.
૩) વિહાન ખેતરમાં કામ કરે છે.

ચ. દ્વિઅર્થી શબ્દ લખો. ( ૪ )

૧) ગજ
૨) જડ
૩) જરા
૪) ચીર

પ્રશ્ન ૫. નીચે આપેલા વાક્ય માં સંજ્ઞા ઓળખી પ્રકાર લખો. ( ૨ )

૧) પ્રામાણિકતા અને પરિશ્રમ દ્વારા સફળતા મળે છે.
૨) દયા મનુષ્યના વ્યક્તિત્વ ને બનાવે છે

પ્રશ્ન ૬. નીચે આપેલા શબ્દો ના અર્થ લખો. ( ૪ )
૧) અનામત
૨) પશુ
૩) સમાનાર્થી
૪) અનાવૃષ્ટિ

પ્રશ્ન ૭. નીચે આપેલા શબ્દો પરથી વાક્ય બનાવો. ( ૪ )

૧) સ્વર
૨) છલકાય
૩) વણમાંગી
૪) પૃથ્વી

પ્રશ્ન ૮. નીચે આપેલા શબ્દો ની ભૂલ સુધારી ફરી લખો. ( ૪ )

૧) દીશાઓથી
૨) કર્યક્રમ
૩) પ્રયતન
૪) વિકસયા

પ્રશ્ન ૯. નીચે આપેલા પ્રશ્નોના જવાબ એક શબ્દ માં લખો. ( ૪ )

૧) શહેર માં વૃક્ષો નજર સામેથી કેવા થઇ જાય છે?
૨) જવાબદારી પૂરી કરી કિશન ભાઈ ને શું કરવાની ઈચ્છા હતી?
૩) સાહેબ કોની નોટ વર્ગમાં બતાવતા હતા?
૪) જળ પીવા થી આપણને શું મળે?

પ્રશ્ન ૧૦. નીચે આપેલા પ્રશ્નોના જવાબ એક બે વાક્યમાં લખો. ( ૫ )

૧) સારા અક્ષર પાઠ માં આવતા ચાર બાળકો ના નામ લખો.
૨) કિશન ભાઈ કયા કારણસર એકલા પડી ગયા?
૩) વૃક્ષો કોને આસરો આપે છે? શી રીતે?
૪) જલશક્તિ ગીત કાવ્ય ના કવિ નું નામ લખો.
૫) કિશન ભાઈ એ બચત મૂડી શેમાં ખર્ચી?

પ્રશ્ન ૧૧. નીચે આપેલા પ્રશ્નોના જવાબ પૂરા વાક્યમાં લખો. ( ૧૨ )

૧) ખરાબ અક્ષર નું શું પરિણામ આવે? દાદી અને અબ્બુ એ સારા અક્ષર કરવા માટે કયા ઉપાય બતાવ્યા?
૨) કિશન ભાઈ એ શા માટે ઘર છોડ્યું? તેમની પરિસ્થિતિ કેવી થઈ ગઈ?
૩) વૃક્ષો કવિતા માં શહેર અને ગામ ના જીવન માં શો તફાવત દેખાડયો છે?
૪) કિશાન ભાઈ ના જીવન માં છેલ્લે શું પરિવર્તન આવ્યું?